"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.　　　　　　　　　　　　　　　　　　　　　　તા: ૨૫/૦૧/૨૦૧૮

તંત્રી શ્રી, ____________________　　　　　　　　　　　સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ હરેશભાઈ ભગવાનભાઈ જાજડીયાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતા મહેકાવી સમાજને નવી દિશા બતાવી.

નામ : હરેશભાઈ ભગવાનભાઈ જાજડીયા ઉ. વ. ૪૨ બ્લડ ગ્રુપ: AB +ve

વ્યવસાય : શ્રી હરી ક્રિયેશનના નામથી એમ્બ્રોઇડરીનું યુનિટ ચલાવતા હતા.

રહેવાસી : બી-૧, ૧૦૦૩, ક્રિષ્ના એવન્યુ, યમુના ચોકની સામે, મોટા વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: વરતેજ, જી: ભાવનગર

કૌટુંબિક વિગત : પત્ની: શોભાબેન હરેશભાઈ જાજડીયા ઉ. વ. ૪૦

પુત્રી: ૧. ધ્રુવી હરેશભાઈ જાજડીયા ઉ. વ. ૨૦

૨. માનસી હરેશભાઈ જાજડીયા ઉ.વ. ૧૭

એફ. વાય. બી.કોમ માં અભ્યાસ

પુત્રો: ૧. આર્યન હરેશભાઈ જાજડીયા ઉ.વ. ૧૫

આશાદીપ વિદ્યાલયમાં ધોરણ ૧૦માં અભ્યાસ

૨...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

ગુરુવાર ૧૮મી જાન્યુઆરીના રોજ હરેશભાઈ ઉમરવાડા આંજણા ફામમાં આવેલ પોતાના એમ્બ્રોઇડરી યુનિટ પરથી રાત્રે ૧૦:૦૦ કલાકે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે VIP સર્કલ, ઉત્રાણ, મોટા વરાછા પાસે ગાડી સ્લીપ થઇ જતાં તેમનું માથું ડીવાઈડર સાથે ભટકાતા માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં કિરણ હોસ્પીટલમાં રાત્રે ૧૦:૩૦ કલાકે ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોરની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોરે ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

બુધવાર તા: ૨૪મી જાન્યુઆરીના રોજ ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર, ન્યુરોફીજીશીયન ડૉ. કુણાલ નાથ અને ઈન્ટેન્સીવીસ્ટ ડૉ. દર્શન ત્રિવેદીએ હરેશભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

કિરણ હોસ્પીટલના મેડીકલ એડમિનિસ્ટ્રેટર ડૉ. સ્નેહલ પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી હરેશભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. સ્નેહલ પટેલની સાથે રહી હરેશભાઈના ભાઈશ્રી મહેશભાઈ, પિતરાઈ મુકેશભાઈ, ચિરાગભાઈ, ભરતભાઈ, રવિભાઈ તેમજ પરિવારજના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનાએ જણાવ્યું કે હરેશભાઈના પિતાશ્રી ભગવાનભાઈ પોતે કિડનીની બીમારીથી પીડિત હતા. તેઓ પાંચ વર્ષ ડાયાલીસીસ ઉપર હતા. તેમનું નામ ટ્રાન્સપ્લાન્ટ માટે અમદાવાદની IKDRC (Institute of Kidney Diseases and Research Centre) હોસ્પીટલમાં નોંધાવ્યું હતું. પરંતુ યોગ્ય સમયે ઓર્ગન ન મળવાને કારણે છ મહિના પહેલા તેમનું મૃત્યું થયું હતું. તેથી યોગ્ય સમયે ઓર્ગન ન મળવાની પીડા શું હોય છે તે અમો ભલીભાતી સમજીએ છીએ. તેઓએ જણાવ્યું કે અમે તો અમારા વડીલ ઓર્ગન ન મળવાને કારણે ગુમાવ્યા છે, આથી આજે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે અમારા સ્વજનના અંગદાનથી કોઈક લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7852 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની રાજકોટના રહેવાસી અખિલ રસુલભાઈ બુધિયા ઉ.વ. ૨૩ અને બીજી કિડની કાનપુર, ઉત્તરપ્રદેશના રહેવાસી સર્જન ડૉ. અનીલ મિશ્રા ઉ. વ. ૨૫માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જયારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં હરેશભાઈના પત્ની શોભાબેન, ભાઈશ્રી મહેશભાઈ, પિતરાઈ ભાઈઓ મુકેશભાઈ, ચિરાગભાઈ, ભરતભાઈ, રવિભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર, ન્યુરોફીજીશ્યન ડૉ. કુણાલ નાથ, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. વિતરાગ શાહ, ડૉ. દર્શન ત્રિવેદી, મેડીકલ એડમિનિસ્ટ્રેટર ડૉ. સ્નેહલ પટેલ, કિરણ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, સેક્રેટરી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૩૯ <u>કિડની, ૯૬ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૨૦૨ ચક્ષુઓનો દાન મેળવીને ૫૫૬ વ્યક્તિઓને</u> નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.